TOWN PLANNING AND VALUATION DEPARTMENT
નગર આયોજન અને મુલ્યાંકન ખાતું
GUJARAT STATE
ગુજરાત રાજ્ય

Block No. 14, Ground Floor & Second Floor, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-382 010
બ્લોક નં. ૧૪, ભોંયતળીયે અને બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ૩૮૨ ૦૧૦
Phone : 31671, 31669 ફોન : ૩૧૬૭૧, ૩૧૬૬૯

ક્રમાંક: નરયો/સુરત/નં.૩૧( અડાજણ)/૮૩/૪૨૩ તા. ૨૦/૧૨/૯૬

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

આવક શાખા ...
તારીખ 22 JAN 1997
ક્રમ નંબર ... ૭૨(૧૧૬૯)
શાખાનું નામ ...

વિષય :- સુચિત નગર રચના યોજના સુરત નં.૩૧(અડાજણ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ પરામર્શ આપવા બાબત.

સંદર્ભ :- [illegible]

મહાશય,

ઉપરોક્ત સંદર્ભના વિષયાન્વયે જણાવવાનું કે, સુચિત નગર રચના યોજના સુરત નં. ૩૧ ( અડાજણ) તૈયાર કરવા અંગે સુરત મહાનગરપાલિકા સુરતની નગરનિયોજન સમીતીના ઠરાવ નં.૩૭ તા. ૧૦/૭/૯૬ થી ઠરાવવામાં આવેલ છે. તે ઠરાવના સંદર્ભે અડાજણ ગામના રેવન્યુવિસ્તાર પૈકીના નકશામાં દર્શાવેલ વિસ્તાર માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઇઓ નીચે સુચિત નગર રચના યોજના, નં.૩૧ ( અડાજણ) ની હદ વિસ્તાર અને સાથેના નકશામાં સહીસીક્કા કર્યા મુજબ અધિનિયમ ની કલમ ૪૧(૧) અન્વયે નીચેની શરતને આધિન પ્રાવંધિક અનુમતી( કન્સલ્ટેશન) આપવામાં આવે છે.

૧) સુચિત નગર રચના યોજના વિસ્તારમાં સુડાની મંજુર અને અમલી એવી વિકાસ યોજનામાં જાહેર હેતુ અનામત રાખેલ જમીનો સમાવિષ્ટ છે ( હાઉસીંગ એચ ૨૭, જી. એસ. બી) તે જમીનો નગર રચના યોજનામાં નગર રચના યોજનાની રૂઇએ પ્રાપ્ત નહી કરતા મંજુર થયેલ વિકાસ યોજનાના જાહેરહેતુ પ્રમાણે જમીન સંપાદન ધારા કે ખાનગી વાટાઘાટોથી સંપાદન કરવાનો રહેશે તે મુજબ દરખાસ્ત ઘડવાનો રહેશે (એટલેકે નગર રચના યોજનામાં વિકાસ યોજનાનું રીઝર્વેશન વિકાસ યોજનાની રૂઇએ રહે તેમ કરવાનું રહેશે)

ઉકત શરતોને આધિન આ યોજનાની હદોને ધ્યાને લઈ આ યોજનાનો મુસદ્દો
તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની
જોગવાઈઓ તથા તે અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯
ના નિયમો પ્રમાણેની યોગ્ય તે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જોવા વિનંતી છે.

બિડાણ : ઉપરમુજબ

મુખ્ય નગર નિયોજક,
ગુજરાતરાજ્યગાંધીનગર.

નકલ રવાના :-

૧) પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી, વડોદરા તરફે જાણ થવા સારૂ.

૨) નાયબ નગર નિયોજકશ્રી, સુરત શાખા, તરફે જાણ સારૂ.